# આણુ

સર્વેને સાદર રામકબીર, આજે સંગીતાબેન અને ઉમેશભાઈના આંગણે સુંદર પ્રસંગનું આયોજન થઈ રહ્યું છે. અમેરીકામાં આંગણું એટલે Hall, અમેરીકામાં આંગણાં શોધવાં ક્યાં ? હવે તો ભારતમાં પણ આંગણાં રહ્યાં નથી, ભારતમાં મોટાભાગના ઉદા ભક્તો ગામ છોડીને શહેરમાં વસ્યા છે તેમણા આંગણા પણ અદ્રશ્ય થઈ ગયા છે. આંગણું આપણો પૌરાણિક વારસો માત્ર બની ને રહી ગયું છે. છોડો આપને આપના ઉત્સવોની વાત કરીશું. તે આંગણાંમાં હોય કે Hall માં હોય, આપણા સંસ્કાર જ્યાં પણ સચવાય એ તમામ જગ્યા આપણું આંગણું બનવું જોઈયે.

ભારતીય આર્ય પરંપરામાં ૧૬ સંસ્કારો મહત્વનું સ્થાન ધરાવે છે. ઉદા ભક્ત સમાજમાં આપને ૧૬ સંસ્કારોને પ્રાધાન્ય આપ્યું નથી, પરંતુ આપના સમાજના હાર્દમાં જન્મથી લઈને મૃત્યુ સુધીના અનેક પ્રસંગોને આપને આધ્યાત્મિક સંસ્કારો સાથે જોડી દીધા છે. આપણા સામાજીક પ્રસંગો ઈશ્વર અને અધ્યાત્મને જોડીને આપને ઉજવીએ છીએ. દરેક પ્રસંગોને આપને આપના સંસ્કારો પ્રમાણે ઓળખીએ છીએ અથવા તે પ્રમાણે જીવણજી મહારાજે નામકરણ કર્યું છે. સંસ્કૃત ભાષામાં અને ૧૬ સંસ્કારમાં સીમંતોનયન નામથી અથવા સીમંતોપનપન તરીકે પણ ઓળખાય છે. જેનું શુદ્ધ ગુજરાતી કોઈ નામ નથી પરંતુ ટુંકમાં આપણે ત્યાં સીમંત, ખોળો ભરવો અથવા ગોદભરાઈ નામે વિધિધ જાતિઓમાં આ પરંપરા ઓળખાય છે. જીવણજી મહારાજ આપણને આણું એવો શબ્દ પ્રયોગ આપ્યો છે. આણું ગુજરાતી ભાષાના શબ્દકોશમાં નથી, પરંતુ આપની ભાષામાં તેનો અર્થ કરવો હોય તો કહી શકાય કે આણું અર્થાત્ તેડવું અથવા આપના આગણાંમાં આવનાર નવા મહેમાનનું સ્વાગત. અંગ્રજી ભાષામાં Baby shower ના નામે આ પ્રસંગ ઓળખાય છે. વિવિધ દેશોમાં અને વિવિધ પંથો ધર્મોમાં વિવિધ પ્રકારે તેને ઉજવવામાં આવે છે. હિંદી ભાષામાં કેટલાક સ્થાનોમાં ગોદભરાઈ રસમ તરીકે પણ ઓળખાય છે. રસમ અર્થાત્ રસમ ઉર્દુ શબ્દ છે. રસમ અર્થાત્ રીવાજ. આપના માટે આ રીવાજ નથી, સંસ્કાર છે.

આપને બીજા કેટલાક મુદ્દા ઉપર વાત કરીએ તો સર્વ પ્રથમ પ્રશ્ન થાય કે....

**(૧) આણું શા માટે ?**

**(૨) આણું ક્યારે કરી શકાય ?**

**(૩) આણું કેવી રીતે કરી શકાય ?**

**(૪) આણાંનું મહત્ત્વ શું ?**

**(૫) આણાંના પ્રસંગ ઉપર કોઈ થીમ રાખી શકાય અથવા કોઈ રમત રમી શકાય ?**

પ્રથમ પ્રશ્નથી આપને શરૂ કરીએ તો આણું - Baby shower એ આનંદનો પ્રસંગ છે. આ પ્રસંગ માત્ર બે પરિવારોના આનંદનો નથી, પરંતુ સમગ્ર સમાજ અને સૃષ્ટિમાં નવા મહેમાનનું આગમન થવાનું હોય તો આનંદ તો સર્વત્ર થવો જોઈએ. કોઈ પક્ષી માળો બનાવે તે જોઈને આપને આનંદીત થઈએ છીએ. શહેરમાં આજકાલ(ભારતમાં) જાતજાતના તૈયાર માળા મળે છે અને ઘણા લોકો ઘરમાં તે માળા લાવીને લગાવે છે. કારણ સીધું ને સાદું છે. નવી ચકલીનું અમારા આંગણાંમાં સ્વાગત છે. વિવિધ પક્ષીઓ પોતાના આવનાર નવા સંતાનો માટે જતનપૂર્વક માળા બનાવે છે અને સંતાનોને સાચવે છે. આપને તો માનવ છીએ. આપના વારસના જતન માટે આપને શું કરવાનું હોય

? આપના કર્મો મનુષ્યોને શીખવવું પડે ? એક દીકરી પ્રથમ પત્ની બને, પછી માતા બનવા માટે તૈયારી કરે એ કેટલા સૌભાગ્યની વાત છે. એક સ્ત્રીમાંથી માતા બનવાનું ગૌરવ નાની વાત નથી. એક દિવસ ચિરંજીવી પ્રિયલ, વાસંતીબેન અને હરિશભાઈની વ્હાલસોઈ દીકરી હતી, સ્ત્રી બનીને હવે માતાનું બિરૂદ પ્રાપ્ત કરવા જઈ રહી છે. ઉદા ભક્ત સમાજમાં નવા એક મહેમાનનો પ્રવેશ થશે અને તેને સંતત્વને પ્રાપ્ત થવાનું છે.

જીવણજી મહારાજે આપના સમાજના દરેક સભ્યને સંતજન કહ્યા છે. નવા પધારનાર સંતજનનું સ્વાગત કરવું આપના સૌને માટે ગર્વની વાત છે. સર્વ કુટુંબીજનો સગાસંબંધીજનો આપના આંગણાંમાં વધામણા લઈને આવે. માતા અને આવનાર બાળક બન્નેને આર્શિવાદ આપે કે તેમનું સ્વાસ્થય તંદુરસ્ત રહે અને સર્વત્ર આનંદનો મહોલ છવાય જાય આ કેટલા ગૌરવની વાત છે. ભારતની ભુમીના સંસ્કાર જુવો આપને તો ગાઈયે છીયે કે...

" હે જી તારા આંગણીયાં પૂછીને કોઈ આવે રે,
આવકારો મીઠો આપજે રે ..."

આપના આંગણે તો આપનું પોતીકું આવનાર છે, તેના સ્વાગતની તૈયારીતો કરવી પડે ....

## આણું ક્યારે કરવું જોઈએ ?

આ પ્રશ્નનો જવાબ કોઈ એક જ નથી. અલગ અલગ સમુદાયોમાં વિવિધ રીતે રીવાજો જોવા મળે છે. કોઈ સમુદાય ગર્ભાવસ્થાના પાંચમાં મહિનમાં, કોઈ સાતમા મહિનામાં પણ રાખે છે. પછી જેવી જેવી અનુકુળતા. ભારતમાં કેટલાંક સંપ્રદાયો આઠમાં માસે પણ રાખે છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટીએ જોઈએ તો ગર્ભાવસ્થાના પાંચમાં માસમાં બાળકના તમામ અંગોનું નિર્માણ કાર્ય શરૂ થઈ ગયું હોય છે અર્થાત્ બાળકના તમામ અંગોનો વિકાસ કાળનો પ્રારંભ થઈ ગયો હોય છે. સાતમા માસે સંપૂર્ણ અંગો વિકાસ પામી ચૂક્યા હોય છે. અને બાળક માતાના ઉદરમાં હલચલ પણ કરવા માડે છે. આપના સમાજમાં ૫(પાંચમા) અથવા ૭(સાતમા) માં માસે આણું કરવાની પ્રથા છે અને આજ યોગ્ય સમય છે.

## આણું કેવી રીતે કરવું જોઈએ ?

આ પ્રશ્નનો જવાબ ઘણા સંપ્રદાયો અને સમાજ પાસે આજે પણ નથી. ભારતમાં કેટલાય સંપ્રદાયો આણું (સીમંત) કરતા પણ નથી અથવા તેમણે તેની કોઈ સમજ નથી. કેટલાક સંપ્રદાયો બ્રાહ્મણો પાસે પૂજા વિધિ કરાવે છે, પરંતુ આ પૂજા વિધિ માટે કોઈ એકજ ચોક્કસ વિધિ હોતી નથી. જીવણજી મહારાજે ઉદા ભક્ત સમાજને તેના સામાજીક કે ધાર્મિક પ્રસંગો કેવી રીતે ઉજવવા તેની સંપૂર્ણ સમજ આપી છે. દીકરીના સાસરેથી તેના ગર્ભવતી થયાના સમાચાર પિયર પક્ષમાં આવે ત્યારેથી જ આનંદનું વાતાવરણ બની જાય છે. વર્ષો પહેલાં ફોન કે સંદેશાની સુવિધા ન હતી કે વાહન વ્યવહાર પણ આટલો હતો નહી. પોસ્ટકાર્ડ મારફતે સંદેશાની આપ-લે થતા. અને પછી પ્રસંગની ઉજવણીનું આયોજન શરૂ થતું. પિયર પક્ષ તરફથી દીકરીને ઘરે લાવવા માટે મહેમાનો બોલાવવામાં આવે. કેટલાક નીકટના સંબંધી દીકરીને ઘરે તેડવા માટે તેના સાસરે જાય. ભાઈઓ બહેનો પણ સામેલ થાય. બન્ને પક્ષો વચ્ચે આનંદનો વ્યવહાર થાય અને ગર્ભવતીને આર્શિવાદ આપવા માટે બહેનો ભેગી થાય અને સુંદર મજાનાં ભક્તિ ગીતો ગાય. ખાસ કરીને આનંદ સાગર આ ગીત આપના સમાજનું ધ્રુવ ગીત કહી શકાય. બહેનો ચોખા વડે ગર્ભવતીનો ખોળો ભરે. આ એક પ્રતિકાત્મક સ્વરૂપ છે કે તારા ખોળામાં આ રીતે એક નાનું શીશું આવવાનું છે અને તેનું જતન કરવાનું છે. બહેનો તેને શીશુની સંભાળ કેવી રીતે લેવી જોઈએ તેની શીખામણ પણ આપે. નાનો દીયર (એક સમયમાં બાળકો વધારે હોવાથી દીયરો કેટલીકવાર નાના બાળકોની અવસ્થામાં હતા) ભાભીના ખોળામાં બેસે અને પોતાના બાળકને વહાલ કરતી હોય તેઓ સુંદર ભાવ ઉત્પન્ન કરે અર્થાત્ આ શિક્ષણની એક પ્રક્રિયા જ હતી. સુંદર મજાના ગીતો ભજનો ગવાતા હોય અને આનંદની છોળો ઉડતી રહે.

છેલ્લે બે પ્રશ્નો જોઈએ તો આણાનું મહત્ત્વ શું અને બીજી કોઈ થીમ રાખી શકાય ?

તો જવાબ છે આણું સંસ્કાર છે. બાળકના આગમનપૂર્વ જે ગર્ભમાં સંસ્કાર સિંચન થવું જોઈએ. માતાએ સારા પુસ્તકો વાંચવા. મન ભજન કીર્તનમાં સ્થિર કરવું. પોઝીટીવ વિચાર કરવા. ટી.વી. વગેરે જોવાનું ટાળવું. આમ કરવાનું કારણ ગર્ભમાં બાળક મોટું થાય છે. માતાના વિચારો નો પ્રભાવ તેના ઉપર પડે છે. માટે આપનું બાળક સદાચારી સંસ્કારી બને તેના પાઠ ગર્ભમાં જ આપવા. આણુંએ સંસ્કારીકતા શીખવવાની પાઠશાળા છે. માતા અને બાળક બન્ને માટે ઉપયોગી છે. આ પ્રસંગ આનંદની હેલી કરવાનો હોય કોઈપણ થીમ રાખી શકાય. ઈતર સમાજમાં કોઈ રીતે રીવાજ ન હોય. લોકો ફિલ્મી ગીતો ગાય છે, નાચે છે, કેટલાક સમાજોમાં તો ભાઈઓ શરાબ સેવન પણ કરે છે. આ બધી વિકૃતિ છે બને ત્યાં સુધી ફિલ્મી ગીતો અને શરાબ સેવનથી દુર રહીને, પુરેપુરા અધ્યાત્મ ભાવથી આણું ઉજવવું જોઈયે.

જીવણજી મહારાજે આપણને આંણું માટે સુંદર ભક્તિ ગીતો ગાવાનું શીખવાડ્યું છે, માટે ફિલ્મી ગીતોના બદલે આપણે ભક્તિ ગીતો ગાઈએ.

Hall ને ફુલો-રમકડાં વગેરેથી સજાવી શકાય. સુંદર વાર્તાલાપનું આયોજન કરી શકાય. આજે વિજ્ઞાન વિકાસ પામ્યું છે ત્યારે અંધશ્રદ્ધાથી મુક્ત વિજ્ઞાનની વાતો કરી શકાય અને આવનાર બાળકના ભવિષ્યને ઉજવળ બનાવવાની રીતો ઉપર પરિસંવાદ પણ રાખી શકાય.

પ્રેમજીવન સ્વામીના શુભ આશિષ....

રામકબીર.....